**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૧૧/૨૦૧૭ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૪૧/૧૭**

**ગુજરાતના અલગ અલગ શહેર તથા જિલ્લાઓમાં તેમજ અન્ય રાજ્યોમાં સોના ચાંદીની દુકાનોમાંથી નજર ચુકવી દાગીના પડાવવાના, બેંકોમાં જઈ ગ્રાહકોની નજર ચુકવી હાથ સફાઈ કરી પૈસા પડાવવાના તેમજ ચેઈન સ્નેચીંગના ગુનાઓઆચરતી મહારાષ્ટ્રની ઈરાની ગેંગના સાગરિતને પકડી પાડી ૨૭ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતીઅમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

અમદાવાદ શહેર તથા જિલાઓમાં છેલ્લા ઘણા સમયથીસોનાચાંદીની દુકાનો માંથી નજર ચુકવી દાગીના પડાવવાના, બેંકોમાં ગ્રાહકોની નજર ચુકવી હાથ સફાઈ કરી પૈસા પડાવવાના તેમજ ચેઈન સ્નેચીંગના બનાવોનો ઉપદ્રવ વધી ગયેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂંશ્રી જે.કે.ભટ્ટ સંયુક્ત પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા,અધિક નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી સી.એન.રાજપુત સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ ઓટોરીક્ષામાં પેસેન્જર બેસાડી ચોરી/લુંટ તથા ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ.શ્રી ડી.બી.વાળા તથા પો.સ.ઈ.શ્રી વાય.એમ.ગોહિલનાઓએ આ દિશામાં પ્રયત્નો હાથ ધરેલ અને છેલ્લા ઘણા સમયથી શહેર તથા જિલ્લાઓમાં બનેલ બનાવો અંગે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરતાં રાજ્ય બહારની કોઈ ગેંગ કાર્યરત હોવાનું જણાઈ આવતાં તે દિશામાં પ્રયત્નશીલ હતા

આ દરમ્યાન પો.સ.ઇ.શ્રી ડી.બી.વાળા તથા પો.સ.ઈ.શ્રી વાય.એમ.ગોહિલ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નારોલ સર્કલ ખાતે સ્ટાફના માણસો સાથે વોચ ગોઠવી બજાજ પલ્શર મોટર સાયકલ નં.MP 09 NA 7211 સાથે એક ઈસમ હાશ્મીબેગ અકરમબેગ જાતે બેગ (ઈરાની) ઉ.વ.૨૭ રહેવાસી હાલ ગામ સેંધવા, ઈરાની કોલોની, જિ.બડવાની, મધ્યપ્રદેશ મુળ રહેવાસી પરલી વૈજનાથ, રેલ્વે સ્ટેશન પાસે, જિ.બીડ, મહારાષ્ટ્ર નાને પકડી પાડેલ.

આરોપીનો પુર્વ ગુનાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપી ત્રણેક વર્ષ અગાઉ લાતુરમાં સ્ટેટ બેંકમાં ગ્રાહક પાસેથી હાથ સફાઈ કરી નજર ચુકવી રોકડ રકમની ચોરી કરેલ જે ગુનામાંલાતુર ખાતે શિવાજી ચોક પાસે આવેલ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.

## ગુજરાત રાજ્યનાં અલગ-અલગ શહેર તથા જિલ્લાઓતેમજ રાજ્ય બહારના

## કુલ-૨૭ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલાયો

પકડાયેલ આરોપીની ઝીણવટપુર્વક પુછપરછ તપાસ કરતાં તેણે પોતાના સાગરિતો સાથે મળી ગુજરાત રાજ્યના અલગ અલગ શહેર તથા જિલ્લાઓમાં તેમજ ગુજરાત બહારના અન્ય રાજ્યોમાંઆ પ્રકારે આશરે ૨૮ જેટલા નીચે મુજબના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) ચારેક માસ અગાઉ મોરબી કિલ્લાની પાસે સોનીની દુકાનમાંથી નજર ચુકવી સોનાનાં ઝુમખાંનં ગ-૫ ની ચોરી કરેલ.

(૨)મોરબીમાં પેટ્રોલપંપની બાજુમાં સોનીની દુકાનમાં સોનીની નજર ચુકવી સોનાની વીંટીઓ નં.૭ ની ચોરી કરેલ.

(૩) જામનગર ખાતે એક સોસાયટીમાં એક બહેનના ગળામાંથી સોનાની ચેઈનતોડેલ.

(૪) વેરાવળ ખાતે શહેરમાં અલગ અલગ બે જગ્યાઓએ બે બહેનોના ગળામાંથી સોનાની બે ચેઈન તોડેલ

(૫) ત્રણેક માસ અગાઉ સવારના સમયે મોરબી ખાતે સોસાયટીમાં એક લેડીઝના ગળામાંથીસોનાની ચેઈન તોડેલ.

(૬) મોરબીમાં હાઈવેથી અંદરના ભાગે એક લેડીઝના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ

(૭) ગાંધીધામ ખાતે એક સોસાયટીમાં લેડીઝના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ.

(૮) જામનગરમાં બે અલગ અલગ જગ્યાઓએ લેડીઝોના ગળામાંથી સોનાની બે ચેઈનો તોડેલ

(૯) જુનાગઢ ખાતે સવારના સમયે એક લેડીઝના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ

(૧૦) જેતપુરમાં એક લેડીઝના ગળામાંથીસોનાની ચેઈન તોડેલ.

(૧૧) ઉપલેટામાં એક લેડીઝના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ

(૧૨) પોરબંદરશહેરમાં એક લેડીઝના ગળામાંથી સોનાની ચેઈન તોડેલ

(૧૩) આશરે બે વર્ષ અગાઉ લાતુર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી ગ્રાહક પાસેથી રોકડા રુ.૧૭,૦૦૦/- કાઢી લીધેલા.

(૧૪) બે વર્ષ અગાઉ બેંક ઓફ મહારાષ્ટ્રમાં એક ગ્રાહક પાસેથી રુ.૨૪,૦૦૦/-કાઢી લીધેલા.

(૧૫) બે વર્ષ અગાઉ ઔરંગાબાદ જાલના ખાતે ICICI બેંકમાં ગ્રાહક પાસેથી રુ.૨૫,૦૦૦/-કાઢેલા.

(૧૬) અઢી વર્ષ અગાઉ મહંટા, ઝાલના પાસે સ્ટેટ બેંકમાં એક ગ્રાહક પાસેથી રુ.૧૧,૦૦૦/-કાઢેલા.

(૧૭) દોઢ બે વર્ષ અગાઉ જેન્તુર, પરવનીની પાસે બેંક ઓફ મહારાષ્ટ્રમાંથી એક ગ્રાહક પાસેથી રુ.૯,૦૦૦/- કાઢી લીધેલા.

(૧૮) દોઢ બે વર્ષ અગાઉ બસ્મત, ઈગોલી પાસે સ્ટેટ બેંકમાં એક ગ્રાહક પાસેથી રુ.૧૩,૦૦૦/-કાઢેલા.

(૧૯) બે વર્ષ અગાઉ નાંદેડ ખાતે બેંક ઓફ પંજાબમાંએક ગ્રાહકના રુ.૧૭,૦૦૦/-કાઢી લીધેલા.

(૨૦) બે વર્ષ અગાઉ જાલના પાસે શેલુ ખાતે સ્ટેટ બેંક ઓફ હૈદ્રાબાદમાં એક ગ્રાહકના રુ.૧૨,૦૦૦/-કાઢી લીધેલા.

(૨૧)બે અઢી વર્ષ અગાઉ ઉસ્માનાબાદ ખાતે બેંક ઓફ મહારાષ્ટ્રમાં એક ગ્રાહકના રુ.૯,૦૦૦/-કાઢી લીધેલા.

(૨૨) બે અઢી વર્ષ અગાઉ ઉસ્માનાબાદ ખાતે ભારસી બસ સ્ટેન્ડની સામે આવેલ સ્ટેટ બેંકમાંગ્રાહકના રુ.૧૧,૦૦૦/-કાઢી લીધેલા.

(૨૩) બે અઢી વર્ષ અગાઉ પંઢરપુર ખાતે કોર્ટથી આગળ થોડે દુર ચોકની પાસે આવેલ સ્ટેટ બેંકમાં ગ્રાહકના રુ.૩૮,૦૦/- કાઢી લીધેલા.

(૨૪) છ માસ અગાઉ મધ્યપ્રદેશ જિ.ધાર ખાતે સોનીની દુકાનમાંથી ૬ થી ૭ જોડ સોનાનાં ઝુમકાં ચોરી કરેલ.

(૨૫) ૧૦ થી ૧૨ માસ અગાઉ મધ્યપ્રદેશ અલીરાજપુર ખાતે સ્ટેટ બેંકમાં ગ્રાહકના રૂ.૩૮૦૦/-કાઢી લીધેલ.

(૨૬) એકાદ વર્ષ અગાઉ મધ્યપ્રદેશ જિ.ધાર પાસે માંડવા ખાતે સોનીની દુકાનમાંથી સોનાની વીંટીઓ નંગ-૨ ચોરી કરેલ.

(૨૭) ૧૨-૧૩ માસ અગાઉ મધ્યપ્રદેશ ધામનું ખાતે સ્ટેટ બેંકમાં એક ગ્રાહકના રૂ.૨૪,૦૦૦/- કાઢી લીધેલ હતા.

## આરોપીની ગુનો કરવાની પધ્ધતિ

આ આરોપી પોતાના સાગરિતો સાથે પોતાના વતનમાંથી ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોમાં બેસી આવા પ્રકારના ગુનાઓને અંજામ આપવા માટે પ્લાન બનાવી નીકળતા હતા અને પ્લાન મુજબ તેઓ સોનીની દુકાનમાં કામ કરવા માટે જતા તે વખતે પણ બે ત્રણ જણા દુકાનમાં જતા અને બાકીના બહારના ભાગે આજુબાજુ ઉભા રહી રેકી કરતા હતા અને દુકાનમાંથી સસ્તામાં નંગ ખરીદ કરતા તે પછી સોનીને વીંટી, ઝુમખાં વિગેરે દાગીના બતાવવાનું જણાવતા જેથી સોની આ દાગીના બતાવતો હોય તે વખતે દાગીના જોતી વખતે તેઓ સોનીની નજર ચુકવી દાગીના સેરવી લેતા હતા આ ઉપરાંત તેઓ બેંકોમાં જઈ કોઈ ગ્રાહક બેંકમાંથી પૈસા ઉપાડી ગણતો હોય ત્યારે તેને બંડલમાં ડુપ્લીકેટ નોટ છે ચેક કરી લો તેમ જણાવતા જેથી ગ્રાહક તેની પાસેના પૈસાનું બંડલ ચેક કરવાના બહાનેતેઓને આપી દેતો જેથી તેઓ પૈસાના બંડલમાંથી એક બે નોટ કાઢી આ ડુપ્લીકેટ નોટ છે ચેક કરાવો તેમ ગ્રાહકનેજણાવતા અને ગ્રાહકની નજર ચુકવી પૈસાના બંડલમાંથી અમુક નોટોકાઢી લેતાહતા. તેમજ જ્યારે મોટર સાયકલ પર કામ કરવા જતા ત્યારે આ પકડાયેલ આરોપી મોટર સાયકલ ચલાવતો હતો અને તેનો સાગરિત પાછળ બેસી ચેઈન તોડતો હતો.

આ આરોપીએ પોતાના સાગરિતો સાથે મળી આ સિવાય બીજાપણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવનાછે.

## હરીયાણાના પાણીપત વિસ્તારમાં ટેક્ષી ચાલકને ગન બતાવી, સ્વીફ્ટ ડીઝાયર કારની લુંટ કરતી ટોળકીના એક સાગરીતને મુદ્દામાલની કાર સાથે પકડી લઈ, લુટના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાન્ચ.

ગઈ તા.૧૪/૪/૧૭ ના રોજ દિલ્હીના ઉતમનગર વિસ્તાર ખાતેથી ચાર અજાણ્યા ઈસમોએ એક સ્વીફ્ટ ડીઝાયર ટેક્ષી પાણીપત હરીયાણા જવા સારુ ભાડેથી મેળવેલ અને રસ્તામાં પાણીપત મોડલ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એકાંત જગ્યાએ આ ચાર ઈસમોએ ટેક્ષી ચાલકને કનપટ્ટી ઉપર પિસ્તોલ ધરી દઈ, ટેક્ષી ચાલક પાસેની રોકડ રકમ તથા મોબાઈલ ફોન-૨ તથા સ્વીફ્ટ ડીઝાયર કારની લુંટ ચલાવી આરોપીઓએ ટેક્ષી ચાલકને રસ્તામાં ઉતારી દઈ આરોપીઓ નાશી ગયેલ જે મતલબની ટેક્ષી ચાલકની ફરીયાદ આધારે સ્થાનિક મોડલ પોલીસ સ્ટેશન પાણીપત હરીયાણા ખાતે લુંટ વીથ આર્મ્સ મુજબનો ગુન્હો રજીસ્ટર થવા પામેલ અને જે-તે સમયે આ બનાવ લોકલ મીડીયામાં પ્રસિદ્ધ થવા પામેલ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ, તથા ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન તથા એ.સી.પી. શ્રી ડી.રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેરમાં બની રહેલ લુંટ તથા ઘરફોડ અને ચોરી જેવા મિલ્કત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ અન્ય રાજ્યોમાં આ પ્રકારના ગુન્હાઓ આચરી અમદાવાદ શહેરમાં આવતા આરોપીઓ ઉપર વોચ રાખી આવા ઈસમોને શોધી કાઢવા સારૂ સુચના આપેલ હોય, આ પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો અંગેની શક્યતા બાબતે ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો કાર્યરત હતી અને અમદાવાદ શહેરની ચારે તરફ આવેલ ટોલ નાકાઓ ના સી.સી.ટીવી ફુટેઝ સહીતની ઝીણામાં-ઝીણી માહીતી એકત્ર કરવામાં આવી રહેલ હતી

આ દરમ્યાન તા.૨૧/૧૧/૧૭ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા તેઓની ટીમના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન સ્ટાફના માણસો હે.કોન્સ. મહેન્દ્રસિંહ વેલુભા તથા પો.કોન્સ.સંજય અભેસિંહ નાઓને મળેલ ચોકક્સ અને સચોટ બાતમી હકીકત આધારે, ચાણક્યપુરી આર.સી.ટેકનીકલ રોડ, પ્રસંગ પાર્ટીપ્લોટ ચાર રસ્તા ખાતેથી આરોપી વરજંગારામ લચ્છાજી રબારી (મારવાડી) ઉ.વ.૨૬ રહે.ગામ ટીટોપ તા.સાંચોર જી.ઝાલોર રાજસ્થાન નાને તેના કબ્જાની નંબર વગરની ગ્રે જેવા રંગની સ્વીફ્ટ ડીઝાયર કાર જેનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર ની પ્લેટો કાઢી નાખેલ હાલતમાં મળી આવતા જે કી.રૂ.૫,૦૦,૦૦૦/- ની કાર કબ્જે લઈ જે આરોપીને તા.૨૧/૧૧/૧૭ ના રોજ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામાં આવેલ.

આ કબ્જે કરેલ કારમાં રજી.નંબર તથા તેના એન્જીન નંબર તથા ચેસીસ નંબર જેવા કારની ઓળખ થાય તેવા પુરાવાઓ નો આરોપીઓએ નાશ કરી દિધેલ જેથી આ કાર મારુતીના ઓથોરાઈઝ ડીલર્સ પાસે મોકલી તેની ખરાઈ કરતા આ કારનો અસલ રજી.નં- DL2CAU6119 નો હોવાનુ જણાઈ આવેલ. જે આધારે આગળની તપાસ કરતા આ કબ્જે લીધેલ મારુતી સ્વીફ્ટ ડીઝાયર કાર ઉપરોક્ત પાણીપત પો.સ્ટે.ના લુંટના ગુન્હામાં ગયેલ મુદ્દામાલની હોવાનુ જણાઈ આવતા આ બાબતે મોડલ ટાઉન પો.સ્ટે. પાણીપત નો સંપર્ક કરી આરોપી તથા મુદ્દામાલ હરીયાણા પોલીસને સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

## <u>આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ</u>

આરોપી <u>વરજંગારામ લચ્છાજી રબારી</u> નાનો અગાઉ ત્રણેક વર્ષ પહેલા ખંભાળીયા પો.સ્ટે. ખાતે તેમજ બે-વર્ષ અગાઉ રાજકોટ શહેરના 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઈંગ્લીશ દારૂના કેસોમાં પકડાઈ ચુકેલ છે

## સુરક્ષા સેતુ રથ:

મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.